*ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી એક પિતાના હૃદયનો વિલાપ...*

# *પિતાનો પ્રેમપત્ર*

*મારા બાળક...*

*તું કદાચ મને ઓળખતો નથી, પરંતુ હુ તારા વિશે સઘળું જાણું છું... ગીત ૧૩૯:૧ તારું બેસવું તથા ઉઠવું હું જાણું છું... ગીત : ૧૩૯ : ૨ હું તારા બધાં માર્ગોનો માહિતગાર છું... ગીત : ૧૩૯ : 3 અરે ! તારા માથાના બધા વાળ પણ ગણેલા છે... માત્થી ૧૦:૨૯ -૩૧ કારણ કે મારા સ્વરૂપ પ્રમાણે તને ઘડવામાં આવ્યો... ઉત્પત્તિ : ૧:૨૭ મારામાં તું જીવે છે. હલન ચલન કરે છે અને અસ્તિત્વ ધરાવે છે... પ્રે.કૃ. ૧૭:૨૮ કારણ કે તુ મારું સંતાન છે... પ્રે. કૃ ૧૭:૨૮ ગર્ભસ્થાનમાં ઘડયા પહેલાં મેં તને ઓળખ્યો હતો... યર્મિયા ૧:૪ -૫ મેં સર્જનનું આયોજન કર્યું ત્યારે મેં તને પસંદ કર્યો... એફેસી ૧:૧૧-૧૨ તારો જન્મ કોઈ ભૂલ ન હતી... ગીત ૧૩૯:૧૫-૧૬ કારણ કે તારા સઘળા દિવસો મારા પુસ્તકમાં લખેલા છે... ગીત ૧૩૯:૧૫-૧૬ તારા જન્મનો ચોક્કસ સમય અને તારા રહેઠાણનું સ્થળ મેં નક્કી કર્યા હતાં... પ્રે.કૃ. ૧૭-૨૬ ભય તથા આશ્ચર્ય પમાડે એવી રીતે તને રચવામાં આવ્યો છે... ગીત ૧૩૯:૧૪ તારી માતાના પેટમાં મેં તારી રચના કરી છે... ગીત ૧૩૯:૧૩ અને તુ જન્મયો તે દિવસે તને હું બહાર કાઢી લાવ્યો... ગીત ૭૧:૬ જે લોકો મને ઓળખતા નથી તેમણે મારા વિશે ખોટી રજૂઆત કરી છે... યોહાન ૮:૪૧-૪૪ હું દૂર વેગળો નથી અને કોપાયમાન નથી. પરંતુ પ્રેમની સંપૂર્ણ અભિવ્યક્તિ છું... ૧ યોહાન ૪:૧૬ અને તારા પ્રત્યે મારો પ્રેમ ઉદારતાથી વહેડાવવો એ મારી ઈચ્છા છે... ૧ યોહાન 3:૧ તેનું માત્ર એક જ કારણ છે કે તું મારું સંતાન છે. અને હું તારો પિતા છું... ૧ યોહાન 3:૧ તારો પૃથ્વી પરનો પિતા આપે તે કરતાં વધુ હું તને આપું છું... માત્થી ૭:૧૧ કારણ કે હું સંપૂર્ણ પિતા છું... માત્થી ૫:૪૫ દરેક સારી ભેટ જે તું મેળવે છે. તે મારી પાસેથી આવે છે... યાકૂબ ૧:૧૭ કેમકે હું તારું ભરણ પોષણ કરનાર છું અને તારી બધી જરૂરીયાતો સંતોષુ છું... માત્થી ૬:૩૧-33 તારા ભવિષ્ય માટે મારા ઈરાદા હંમેશા આશાથી ભરેલા છે... યર્મિયા ૨૯:૧૧ કારણ કે મેં તારા પર અતૂટ પ્રીતિ રાખી છે... યર્મિયા ૩૧:3 તારા વિશે મારા વિચારોની સંખ્યા સમુદ્ર કિનારાની રેતી માફક અગણિત છે... ગીત ૧૩૯ : ૧૭-૧૮ હું ગાતાં ગાતાં તારા માટે હર્ષ કરું છું... સફાન્યા 3:૧૭ હું તારું ભલું કરતાં કદી અટકીશ નહિ... યાર્મિયા ૩૨:૪૦ કેમકે તું મારી ખાસ સંપતિ છે... નિર્ગમન ૧૯:૫ હું મારા પૂર્ણ હૃદયથી અને ખરા જીગરથી તને દૃઢ કરવાની ઈચ્છા રાખું છું... યર્મિયા ૩૨:૪૧ અને તને મોટી તથા ગૂઢ વાતો પ્રગટ કરવાની હું ઈચ્છા રાખું છું... યાર્મિયા ૩૩:૩ જો તું તારા પૂરા અંતઃકરણથી મારી શોધ કરીશ તો તુ મને શોધી કાઢીશ... પુનર્નિયમ ૪:૨૯ મારામાં આનંદ કર અને હું તારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડીશ... ગીત ૩૭:૪ કેમકે તને તે ઈચ્છાઓ આપનાર તો હું... ફિલીપી ૨:૧૩ તું કદાચ કલ્પના કરે તે કરતાં તારા માટે વધુ કરવા હું શક્તિમાન છું... એફેસી 3:૨૦ કેમકે તને શ્રેષ્ઠ ઉતેજન આપનાર હું છું... ૨ થેસ્સા ૨:૧૬-૧૭ વળી હું એવો પિતા છું જે તને તારી સર્વ વિપત્તિમાં દિલાસો આપે છે... ૨ કરિંથી : ૧:૩-૪ જયારે તારું હૃદય ભંગિત હોય છે ત્યારે તારી નજીક હું છું... ગીત ૩૪:૧૮ જેમ ભરવાડ ઘેટાને ઉંચકી લે છે તેમ હું તને મારી ગોદમાં ઉંચકી લઉં છું... યશા : ૪૦:૧૧ એક દિવસ તારી આંખોમાનું દરેક આસું હું લૂછી નાખીશ... પ્રકટી ૨૧:૩-૪ એક દિવસ તારી આંખોમાનું દરેક આસું હું લૂછી નાખીશ... પ્રકટી ૨૧:૪ હું તારો પિતા છું અને જેમ મે મારા પુત્ર ઈસુ પર પ્રેમ રાખ્યો છે તેમ હું તારા પર પણ પ્રેમ રાખું છું... યોહાન ૧૭:૨૩ કારણ કે તારા માટેનો મારો પ્રેમ ઈસુમાં પ્રગટ થયેલો છે... યોહાન ૧૭:૨૬ તે મારા સત્વની આબેહૂબ પ્રતિમા છે... હિબ્રુ ૧:3 અને તે એ દર્શાવવા આવ્યો કે હું તારા પક્ષનો છું. અને તારી વિરુદ્ધ નથી... રોમન ૮:૩૧ અને એ જણાવવા માટે કે હું તારાં પાપ ગણાતો નથી... ૨ કરિંથી ૫:૧૮-૧૯ ઈસુ એટલા માટે મરણ પામ્યો કે તેથી તારું મારી સાથે સમાધાન થાય... ૨ કરિંથી ૫:૧૮-૧૯ તેનું મૃત્યુ તો તારા માટેના મારા પ્રેમની અંતિમ અભિવ્યક્તિ હતી... ૧ યોહાન ૪:૧૦ હું તારો પ્રેમ સંપાદન કરું તે માટે હું જે પર પ્રેમ કરતો હતો તે સઘળાનો મેં ત્યાગ કર્યો... રોમન ૮:૩૨ જો તું મારા પુત્ર ઈસુના ભેટની સ્વીકાર કરે છે તો તું મારો સ્વીકાર કરે છે... ૧ યોહાન ૨:૨૩ અને મારા પ્રેમમાંથી કોઈપણ બાબત તને ફરીથી કદીપણ જુદો પાડશે નહિ... રોમન ૮:૩૮-૩૯ ઘરે આવ અને સ્વર્ગમાં કદી પણ થઈ ન હોય તેવી સૌથી મોટી મિજબાની હું આપીશ... લૂક ૧૫:૭ હું હંમેશા પિતા રહ્યો છુ અને હંમેશા પિતા રહીશ... એફેસી ૩:૧૪:૧૫ મારો પ્રશ્ન છે. શું તું મારું બાળક બનીશ? યોહાન ૧:૧૨:૧૩ હું તારી પ્રતિક્ષા કરી રહ્યો છું... લૂક ૧૫:૧૧-૩૨*

***..પ્રેમભાવથી, તારો પિતા***

***સર્વશક્તિમાન ઈશ્વર***

© www.FathersLoveLetter.com/Gujarati